Jai Randal Maa

# Sri Ranade Namoh Manh

# શ્રી રનાદે નમોહઃ મા

શ્રી રનાદે નમોહઃ મા ચરણે શીશ નમાવીને
કરજે માં રક્ષા કુળ તણી સંતો ને સંગ સમાવીને

જપ્યા નથી મયા તારા મંત્રો કે મુક્તિ ની માળા
અવની આંગળીયે આજ તો કર્મો છે મા કેવા કાલા

ધોજે મા મેલું મન ને તન કલંક કષ્ટ કાપીને
શ્રી રનાદે નમોહઃ મા ચરણે શીશ નમાવીને

પાપે પ્રપંચ ના પુરમાં માનવ નથી રહ્યો માનવ
કામ ને ક્રોધ ના કાળમાં માનવ બન્યો કેવો દાનવ

દુરબુધ્ધિ એની દૂર કરી સદ્બુદ્ધિ એને આપીને
શ્રી રનાદે નમોહઃ મા ચરણે શીશ નમાવીને

સૂતો હતો ભર નીંદરે જાગી જોયું મેં  જ્યારથી
દુનિયામાં માડી તું સાચી બીજા બધા છે સ્વાર્થી

હેતે ઝુલાવી બાળ ને પંપાળજે મા રમાડીને
શ્રી રનાદે નમોહઃ મા ચરણે શીશ નમાવીને

બે હાથ જોડી માંગુ છું માથું પણ નમાવીને
અંત સમયે રના ઝાંખી દેજે તારામાં સમાવીને

દેજે મા મોક્ષ ને મુક્તિ મુજને પંથ તારો બતાવીને
શ્રી રનાદે નમોહઃ માં ચરણે શીશ નમાવીને

Jai Randal Maa